# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩૩ | ૬ નવેમ્બર, ૨૦૧૪, ગુરૂવાર ; કારતક સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરનું રાજપુર આદર્શ ગામ બનશે


લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/- માં

મજુરી ફક્ત રૂ. ૧૫૧/-

N.C. Zaveri

Gold, Jadtar, Antique, Real Diamond & Silver

૧૮, અભિમન્યુ કોમ્પ્લેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.

(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)




## સાંસદ પરેશ રાવલે આદર્શ ગ્રામ યોજના અંતર્ગત આ ગામ પર પસંદગી ઉતારી કલેકટરને તેની જાણ કરી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર તાલુકાના રાજપુર ગામની આદર્શ ગામ બનાવવા માટે સાંસદશ્રી પરેશ રાવલે પસંદગી કરી છે.

રાજપુર-જાખોરા એ સંયુકત પંચાયત છે. અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી પરેશ રાવલે આજે ગાંધીનગર કલેકટરશ્રી રવિશંકરને મળી આ ગામની પસંદગી આદર્શ ગામ બનાવવા માટે કરી હોવાની વિધિવત જાણ કરી હતી.

કલેકટર સાથે બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં શ્રી પરેશ રાવલે જણાવ્યું હતું કે આ ગામમાં ઓવર હેડ ટન્ક, બ્રીજ બનાવવા ઉપરાંત શૈક્ષણિક સંકુલ સહિતના વિવિધ કામો અંગે અમારે પ્રાથમિક ચર્ચાઓ થઈ છે.

શ્રી રાવલે જણાવ્યું હતું કે તેમના પત્ની સ્વરૂપ સંપટ આ ગામની પ્રા. શાળાના બાળકોને તાલીમ આપવા નિયમિત આવે છે તે શૈક્ષણિક ક્ષેત્રે અલગ રીતે કામગીરી કરી રહી


● અનુસંધાન પાન-૭ પર



ૐ ભૂર્ભવ: સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્ ।

ચાલો રાંધેજા

શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા

જગત જનની ગાયત્રીની અનહદ કૃપાથી મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગનું અવતરણના પ્રણેતા પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી રામશર્મા આચાર્યજીના સ્વપ્નને સાકાર કરવા માટે, શાંતિકુંજ હરિદ્વાર તેમજ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ માણસા તેમજ રાંધેજા દ્વારા આયોજીત પ્રજ્ઞાપુરાણ કથાનું આયોજન કરેલ છે. જેમાં આજની પરિસ્થિતિને અનુરૂપ સમસ્યાનું સમાધાન તેમજ માનવને સાચો માનવ બનવાની કથા એટલે પ્રજ્ઞાપુરાણ કથા. તમામ ધર્મપ્રેમી ભાઈઓ-બહેનોને પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

કથાનું રસપાન : શ્રીમતી ડો. મમતાબેન પંડિત (ચાણસ્માવાળા)

પોથીયાત્રા : પટેલ રસીકલાલ મણીલાલના ઘરેથી નીકળી ગામ પ્રદક્ષિણા કરી કથાના સ્થળે પહોંચશે

: કથાનું સ્થળ : અંબાજી માતાના મંદિર સામે, પ્લોટમાં, રાંધેજા

: કથાની તારીખ - સમય : તા. ૭/૧૧/૨૦૧૪થી ૧૦/૧૧/૨૦૧૪ સુધી રાત્રે ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી

સૌજન્ય : પટેલ સવિતાબેન રસીકલાલ (U.S.A.) મો. ૯૮૨૫૧ ૬૭૮૦૫

આયોજક : ગાંધીનગર જીલ્લા ગાયત્રી પરિવાર તેમજ સમસ્ત ગામ - રાંધેજા



રાજેન્દ્રસિંહ એસ. ઠાકોર

ધારાસભ્યશ્રી, મોડાસા

તથા પરિવાર

મોડાસા - ધનસુરા તાલુકાના સૌ-પ્રજાજનો - શુભેચ્છક મિત્રો કોંગ્રેસના કાર્યકર્તા ભાઈ-બહેનો માટે આરંભાતુ દિપાવલી પર્વ નૂતનવર્ષે દરેક ક્ષેત્રે પ્રગતીદાઈ બની રહે તેવી શુભેચ્છાઓ


## શહેરમાં ઘરવપરાશના પાણીની ગુણવત્તા ચકાસવા ગેમીની ખાસ યોજના

### આગામી ૩૧ ડીસેમ્બર સુધીમાં માત્ર રૂ. ૪૦૦ના દરે નાગરિકોને પાણીની ગુણવત્તા ચકાસી આપશે : સેકટરે સેકટરે પાણીની ગુણવવત્તાના મામલે અલગ સ્થિતિ!

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટરોમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા સામે વારંવાર પ્રશ્નાર્થ મંડરાય છે. સૌથી શુધ્ધ 'મીનરલ વોટર' પુરું પાડવાની ખાત્રી સાથે બજારમાં ઘણી ખરી કંપનીઓ આર.ઓ. પ્લાન્ટના વેચાણ માટે ઉતરી પડે છે. કલીન એન્ડ કવોલીટી વોટરના અભિગમને અપનાવવા આર. પ્લાન્ટનું વેચાણ પણ મોટા પાયે થાય છે ત્યારે આર.ઓ.ની જરૂરિયાતના મામલે પણ અભ્યાસ કરવો પડે તેવી સ્થિતિ છે. સેકટર અને વિસ્તાર મુજબ પાણીની કવોલીટીમાં પણ બદલાવ હોવાનો સૂર નિષ્ણાતોમાં ઉઠવા પામ્યો છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ (ગેમી) દ્વારા ઘર વપરાશના પાણીની યોગ્ય ચકાસણી માટે એક યોજના અમલી બનાવી છે. જેના લીધે સેકટરોમાં ઘરે ઘરે સપ્લાય થતા પાણીના નમૂના આધારે પાણીની ગુણવત્તાનું યોગ્ય પરિક્ષણ કરવાનું સરળ બનશે. આગામી તા. ૩૧ ડીસેમ્બર સુધીમાં માત્ર રૂ. ૪૦૦ના દરે રહીશોને પાણીની ચકાસણી કરી આપવામાં આવશે.

પાટનગરમાં છાશવારે ઉઠતી પાણીની પોકાર સાથે તેની ગુણવત્તા સામે પણ વારંવાર આંગળી ઉઠતી રહે છે. તંત્ર દ્વારા ગુણવત્તાયુકત પાણી સપ્લાય થતું હોવાનો પ્રબળ દાવો કરવામાં આવી રહ્યો છે. આમ છતાં પાણીની ગુણવત્તા આમ નાગરિકો માટે ચિંતાનો વિષય બની છે. પાણીમાં જરુરી તત્વોના બેલેન્સ ન જળવાતા જનઆરોગ્ય પર વિપરિત અસર થતી હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં ઈન્ફ્રાસ્ટ્રચરના અભાવના લીધે પાણીનું પરિક્ષણ કરવાના મામલે પણ જાગૃતિની ઉણપ વર્તાય છે. પરંતુ ગેમી દ્વારા હાલ ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારોને અનુલક્ષી પાણીનું સસ્તા દરે યોગ્ય ટેસ્ટીંગ થઈ શકે તેવી યોજના અમલી બનાવાઈ છે. ગેમીના ડાયરેકટર આઈ.એફ.એમ. ડૉ. સંજીવ ત્યાગીએ જણાવ્યું હતું કે આ ટેસ્ટીંગની પડતર કિંમત રૂ. ૧૦૦૦ જેટલી છે પરંતુ આ યોજના અંતર્ગત દર ઘટાડવામાં આવ્યો છે. આ યોજના અન્વયે પાણીના પી.એચ.,


● અનુસંધાન પાન-૭ પર



શ્રી જનસેવા ખાદી ગ્રામઉદ્યોગ વિકાસ સંઘ

મુ.પો.ગુજેરી, તા.ધનસુરા, જી.અરવલ્લી.

પ્રમુખ શિવસિંહ એન. ઠાકોર

રાજેન્દ્રસિંહ ઠાકોર

ગોપાલસિંહ ઠાકોર

તરફથી આપ સૌને નવા વર્ષની શુભકામનાઓ.



(મો.૯૪૨૬૫૩૨૪૫૧)

સહજાનંદ એસ. પટેલ

દુર્ગા એસ. પટેલ

હર્ષીલ એસ. પટેલ

તા.બાયડ, જી.અરવલ્લી.

નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ


## જાહેર હરાજી

કોબા ગામે તા. ૧૪/૧૧/૨૦૧૪ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે કોબા ગ્રામ પંચાયત કચેરી, પગાર પ્રાથમિક શાળા, નવા કોબા ખાતે જુના ભંગાર વસ્તુની જાહેર હરાજી રાખેલ છે. હરાજીમાં ભાગ લેવા વ્યક્તિઓ ઉપરોક્ત સમય અને સ્થળે હાજર રહેવું.

### જાહેર હરાજીના માલની વિગત

| અ.નં. | વસ્તુની વિગત | અંદાજીત વજન |
|---|---|---|
| ૧ | લોખંડની પાઈપ (૫)ની ૧૦ફૂટ લાંબી ૨૭નંગ | ૧૨૧૫કિલોગ્રામ વજન |
| ૨ | સ્મશાન શેડની ચેનલ મોટી ૫ નંગ | ૬૨૫કિલોગ્રામ વજન |
| ૩. | સ્મશાન શેડની ચેનલ મોટી ૫ નંગ | |
| ૪. | પતરાં જુના લોખંડના ૧૭નંગ જુના અડધીયા | --- |
| ૫. | સ્ટ્રીટ લાઈના ટ્યુબ લાઈટના ૨૦નંગર કવર બિન ઉપયોગી | બિન ઉપયોગી ભંગારના ભાવે |

જાહેર હરાજીની શરતો જાહેરહ હરાજી વખતે વાંચી સંભળાવવામાં આવશે.

**સરપંચશ્રી**
**કોબા ગ્રામ પંચાયત**
**મુ. કોબા, તા.જી. ગાંધીનગર**


ધી શિકા સેવા સ.મંડળી લી., શીકા

ચેરમેનશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર

વાઈસ ચેરમેન : પટેલ હસમુખભાઈ

સેક્ટરી : રસીકભાઈ ચૌહાણ

તથા કારોબારી સભ્યશ્રીઓ

તરફથી આપ સૌને નવા વર્ષની શુભકામનાઓ.



દિપાલી કન્સ્ટ્રક્શન

અશોક એમ. પંચાલ

દક્ષા એ. પંચાલ

દિપેશ એ. પંચાલ

તથા સમસ્ત મૂળજીભાઈ પંચાલ પરિવારથી નવા વર્ષની શુભકામનાઓ



ધી ધનસુરા તાલુકા ખરીદ વેચાણ સંઘ લી

ધનસુરા, જી.અરવલ્લી

ચેરમેન : રાજેન્દ્રસિંહ ઠાકોર

વાઈસ ચેરમેન : મણીભાઈ મેઘજીભાઈ પટેલ

મેનેજર : અમૃતભાઈ પટેલ

તથા કારોબારી સભ્યો અને સ્ટાફ મિત્રો



ગાંધીનગર જીલ્લા / શહેર કોંગ્રેસ સમિતિ

આયોજીત

નૂતન વર્ષ નિમિત્તે

સ્નેહ મિલન સમારંભ

તારીખ : ૭-૧૧-૨૦૧૪, શુક્રવાર । સવારે ૯-૩૦ કલાકે

સ્થળ : ટાઉનહોલ, સેક્ટર-૧૭, ઘ-૪ સર્કલ, ગાંધીનગર

નિમંત્રક

ધુળાજી પી. ઠાકોર, કાર્યકારી પ્રમુખશ્રી, ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિ

જશુભા પી. રાણા, ઈન્ચાર્જ પ્રમુખશ્રી, ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિ

મુકેશભાઈ પટેલ, પ્રમુખશ્રી, ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ